આપણું નગર નવીનીકરણ અને અદ્યતન સુવિધાઓથી સજ્જ થઈ રહ્યું છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે પણ નવીનીકરણને કારણે સે-૬ સામેનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ફ્રેન્ડશીપ ક્લબના નામે ચાલતી ઠગાઈનો ભોગ ચિલોડાનો યુવાન બન્યો

રૂ. ૧૫ હજાર બેન્ક ખાતામાં જમા કરાવ્યા બાદ યુવતીએ સે. ૧ ગાયત્રી મંદિર સામે બોલાવ્યો પણ કોઈ ન આવ્યું...!

ગાંધીનગર, તા. ૨૬

ફ્રેન્ડશીપ ક્લબના મેમ્બર બનો અને રૂપિયા કમાવોની લોભામણી જાહેરાતો આપીને લોકોની સાથે છેતરપીંડી કરવાના મોટા-મોટા સેન્ટરો ખુલી ગયા છે. ત્યારે આવા જ એક ક્લબના નામે ચાલતી ઠગાઈનો ભોગ ગઈકાલે ગાંધીનગર પાસેના ચિલોડા ગામનો યુવાન બન્યો છે. બેન્ક ખાતામાં રૂ. ૧૫ હજાર જમા કરાવી દીધા બાદ યુવકને કહેવામાં આવ્યું કે ગાંધીનગર સે. ૧ના ગાયત્રી મંદિર સામે ઉભા રહો ત્યાં એક યુવતી આવશે. ચાર-ચાર કલાક રાહ જોયા બાદ પણ કોઈ ન આવ્યુ અને યુવકે નંબર પર ફરીથી ફોન કર્યો તો કોઈ ઉપાડતુ જ નથી. પોતે લોભામણી જાહેરાતનો શિકાર બન્યો હોવાની ખબર પડી ગઈ પરંતુ તેણે પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

ચિલોડાના યુવાને કોલ કરી હાઈપ્રોફાઈલ યુવતી સાથે ફ્રેન્ડશીપ કરવા જાહેરાતમાં છપાયેલા નંબર પર કોલ કર્યો હતો ત્યાંથી સંધ્યા નામની કોઈ યુવતીએ ફોન ઉપાડ્યો અને મેમ્બર બનવા રૂપિયા બેન્ક ખાતામાં જમા કરાવવા પડશે તેમ જણાવી એક બેન્ક ખાતાનો નંબર આપ્યો. નોકરીયાત વ્યક્તિ માટે રૂ. ૨૫ હજાર પણ તમે વિદ્યાર્થી છો એટલે રૂ. ૧૫ હજાર જમા કરાવજો તેમ કહીને કન્શેસન કરી આપતા વિદ્યાર્થી યુવાને રૂપિયા જમા કરાવ્યા તો સંધ્યાએ કહ્યું કે તમે શહેરના સે. ૧ ગાયત્રી મંદિર સામે ઉભા રહો ત્યાં વૈશાલી નામની યુવતી આવશે. ચાર કલાક રાહ જોયા બાદ પણ કોઈ ન આવ્યુ. રૂ. ૧૫ હજારનો ચુનો લાગી ગયો. જો કે આ અંગે પોલીસ ફરીયાદ પણ થવા પામી નથી.

લોકસભાની ચૂંટણીમાં ઠાકોર સમાજની અવગણના સાંખી લેવાય નહિ : મંગળસિંહ

આજે ક્ષત્રિય યુવા વિકાસમંચના દેખાવો

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ પૂર્વની બેઠકનો ભડકો હજુ બુઝાયો નથી ત્યારે ભાજપ માટે વધુ એક મુશ્કેલી સામે આવી શકે છે. અમદાવાદ પૂર્વની બેઠકમાં ઠાકોર ઉમેદવાર પસંદ ન કરતા ઠાકોર સમાજ અપક્ષ ઉમેદવારી નોંધાવશે.

ઠાકોર ક્ષત્રિય યુવા વિકાસ મંચ દ્વારા આજ રોજ સવારે ૯.૦૦ કલાકે કમલમ ભાજપ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેમ પ્રમુખ મંગળસિંહ ઠાકોરે જણાવ્યું છે.

ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા ઠાકોર સમાજની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. મહેસાણા, બનાસકાંઠા અને અમદાવાદ પૂર્વમાં મોટી સંખ્યામાં ઠાકોર મતદારો વસવાટ કરે છે ત્યારે ઠાકોર સમાજની અવગણના બિલકુલ સાંખી લેવામાં આવશે નહિ. તેમજ ઠાકોર સમાજ દ્વારા બનાસકાંઠામા દશરથજી ઠાકોર અને અમદાવાદ પૂર્વમાં પરેશ રાવલની સામે મંગળસિંહ ઠાકોર ઉમેદવારી નોંધાવશે. ગુજરાતમાં ઠાકોરોની વસતી ૪૧ ટકા છે ત્યારે મહત્વની બેઠક ઉપર ઠાકોર સમાજની અવગણના એ અપમાન સમાન કહેવાય.

એસએનડીટી-યુનિવર્સિટી કેમ્પસ-મુંબઈ ખાતે પીડીડીટી કોલેજ ઑફ એજ્યુકેશન ફૉર વિમન દ્વારા તારીખ ૨૪મી માર્ચ ૨૦૧૪ના રોજ 'નેશનલ સાયન્સ ડે' ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરની નિસર્ગ કમ્યૂનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી અને વારાહિ બી.એડ. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલભાઈ પટેલે સસ્ટેઈનેબલ ડેવલપ મેન્ટ વિષય પર ચર્ચા સાથે સદર સંસ્થાની ભાવી શિક્ષિકાઓને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. તેઓની સાથોસાથ, જીપીસીબીના પૂર્વ પીઆરઓ, નરેશ ઠાકરે પર્યાવરણીય બાબતોને આવરી લઈને તૈયાર કરેલ આર્ટિકલની પ્રતો વહેંચી હતી. વળી, ગુજરાતમાં નગરનો કચરો, બાયો-મેડિકલ કચરો તેમજ ઇ-વેસ્ટ વિષય હાંસલ થયેલ કામગીરીના પ્રેઝન્ટેશન સહિત આશરે પાંચ કલાકના સમયગાળા સુધી વર્મી કમ્પોસ્ટ, સ્યૂએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ્સ, નગરના કચરામાંથી કંચન બનાવવા તથા ગંદાપાણીને રિસાયકલ્ડ કરીને બાગબગીચાની હરિયાળીમાં કરાતો વધારો, ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત રામકથા દરમિયાન એંઠવાડ તથા રસોડાના કચરામાંથી તૈયાર કરવામાં આવેલ આર્ગેનિક ખાતર, પ્લાસ્ટિક વેસ્ટમાંથી તૈયાર કરવામાં આવતા પતરાં, બારી-બારણાની ફ્રેમ, વગેરેની સ્લાઈડ્સ પણ તેઓએ દર્શાવવા ઉપરાંત, ચર્ચા અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ રસપ્રદ બનાવ્યો હતો. આ કાર્યઉકમમાં સદર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રીમતી મીના પી. કુંતે, શિક્ષણ વિભાગના ડિન શ્રીમતી હર્ષા મર્ચન્ટ તેમજ બી.એડ. કોલેજના તમામ ફેકલ્ટી મેમ્બર્સ સહિત એંશી ભાવી શિક્ષિકાઓએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે છેલ્લી દસ જ મિનિટમાં સાત વિદ્યાર્થીનીઓએ પાણી, વિજળી અને ઊર્જા તેમજ વૃક્ષો બચાવો વિષયક લઘુ નાટિકા પ્રસ્તુત કરી હતી.

ફેરવેલમાં ભેટ સોગાદ લેવાને બદલે અસ્થિ વિસર્જન માટે કુંભ માંગ્યા

એસઆરપીના નિવૃત થતા ઉદય ત્રિવેદી અને બદલી પામી રહેલા કશ્યપ પરમારની અનોખી સેવા ભાવના : કુલ સાત અસ્થિકુંભ મહામંડળને ભેટ આપ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના એસ.આર.પી. ગ્રુપ-૧ ઉના નિવૃત્ત થતા અને બદલી મેળવેલ કર્મચારીએ શુભેચ્છા સમારંભમાં સેવા અને સમજણનું અનોખુ દૃષ્ટાંત પુરૂ પાડ્યું હતું. આ બંને કર્મચારીઓએ સહકર્મચારીઓ પાસેથી શુભેચ્છા ભેટમાં કોઈ વસ્તુ લેવાને બદલે શહેર વસાહત મહામંડળની અસ્થિ વિસર્જન સેવાની પ્રવૃત્તિ માટે કુંભ માગ્યા હતા.

સામાન્ય રીતે ગાંધીનગરમાં જ્યારે કોઈ કર્મચારી નિવૃત્ત થાય અથવા બદલી પામે ત્યારે તેના સહકર્મચારીઓ શુભેચ્છા સમારંભ (ફેરવેલ) યોજતા હોય છે. અને આ સમારંભમાં કર્મચારીને સ્મૃતિ ચિહ્ન સાથે ભેટ-સોગાદ આપવામાં આવે છે. પરંતુ તાજેતરમાં ગાંધીનગરના એસઆરપી ગ્રુપ-૧ ઉમાંથી નિવૃતિ લઈ રહેલા કર્મચારી ઉદય ત્રિવેદી અને બદલી પામી રહેલા કર્મચારી કશ્યપ પરમારે એક અનોખી સેવાભાવનાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ બંને કર્મચારીઓએ તેમના સહકર્મચારીઓ પાસેથી શુભેચ્છા ભેટ પેટે કોઈ પણ સ્વ ઉપયોગની વસ્તુ સ્વીકારવાના બદલે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચલાવાતી અસ્થિ વિસર્જન સેવા પ્રવૃત્તિ માટે કુંભ માગ્યા હતા. તેમની આ સેવાકીય ભાવનાનો આદર કરતા સહકર્મચારીઓએ પણ તેમને હોંશે હોંશે કુંભ ભેટ આપ્યા હતા જેઆ કર્મચારીઓએ મહામંડળને દાન કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય વર્ષોથી શહેર વસાહત મહામંડળ નગરજનોના સ્વજનોની આત્માની શાંતિ માટે વિનામૂલ્યે હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જનની સેવા આપે છે. મહામંડળની આ સેવાકીય પ્રવૃત્તિથી અભિભૂત થઈને એસઆરપીના ઉદય ત્રિવેદી અને કશ્યપ પરમારે તેમના ફેરવેલ સમારંભમાં કુંભ માંગીને મહામંડળને દાનમાં આપ્યા હતા.

ઉદય પરમારે ચાર અને કશ્યપ પરમારે ત્રણ એમ મળીને કુલ ૭ અસ્થિકુંભ મહામંડળને દાન કરાયા હતા. તેમની આ સેવા ભાવના માટે મહામંડળે પણ તેમને બિરદાવ્યા હતા.

વાસણિયા મહાદેવ રોડ પાસેથી પોલીસે દારૂ ભરેલી કાર પકડી

પેથાપુર પોલીસે કાર સહિત ૨.૧૨ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીકના વાસણીયા મહાદેવ-ઉનાવા રોડ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર પસાર થતી હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે વોચ ગોઠવીને આજે સવારે દારૂ ભેલી ઓપ્ટ્રા કાર પકડી પાડી હતી. કાર સહિત રૂ. ૨.૧૨ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરીને પેથાપુર પોલીસે તેની પુછપરછ શરુ કરી છે. પેથાપુર પોલીસને આજે સવારે બાતમી મળી હતી કે વાસણીયા મહાદેવ રોડ પરથી શેરવોલેટ ઓપ્ટ્રા નં. જીજે ૧ એચ.કે. ૬૯૦૫ પસાર થઈ રહી છે જેમાં વિદેશી દારૂનો જથ્થો ભર્યો છે બાતમી મળતા જ પેથાપુર પોલીસની ટીમ વાસણીયા મહાદેવ ગામની સીમમાં રોડ પર ઉભી રહી ગઈ હતી અને બાતમી વાળી કાર નીકળતા તેને પકડી ચેકીંગ કર્યુ હતું. ગાડીમાંથી ત્રણ પેટી (૩૬ નંગ) વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૧૨,૫૦૦નો દારૂ અને કાર મળીને રૂ. ૨,૧૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ચિરાગ જયેન્દ્રભાઈ જોષી નામના બુટલેગરની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

આજે સવારના સુમારે સેક્ટર-૮માં આંતરિક માર્ગ પર રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. અકસ્માતમાં રીક્ષાચાલકને ઈજા થવા પામી હતી. અકસ્માતમાં રીક્ષાનો કુરચો વળી ગયો હતો. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

વિશાલા ખાતે આજે વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે નાટ્ય કલાકારોનું સન્માન કરાશે

૧૬ વડીલ અને ૫ યુવા કલાકારોનું સન્માન કરાશે : નિર્મિશ ઠાકર અને ધર્મેન્દ્ર સોમાણીનું પ્રદર્શન યોજાશે

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદના સુપ્રસિદ્ધ વિશાલા એન્વાયરમેન્ટ સેન્ટર ખાતે તા. ૨૭મી માર્ચે 'વિશ્વ રંગભૂમિ દિવસ' અને 'વિશાલા'ના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ૨૧ જેટલા નાટ્ય કલાકારોને સન્માનવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. તેજેન્દ્રપ્રસાદ મહારાજ ઉપસ્થિત રહી આશિર્વચન આપશે.

૨૭મી માર્ચે વિશ્વ રંગભૂમિ દિવસ તરીકે ઉજવાય છે અને આજ દિવસે અમદાવાદની ખ્યાતનામ 'વિશાલા'નો પણ જન્મ થયો હતો. આ દિવસે વિશાલા ખાતે ૧૬ જેટલા વડીલ નાટ્ય સમ્રાટો અને ૫ યુવા નાટ્યકલાકારોનું અભિવાદન અને સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે કાલુપુર સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. તેજેન્દ્રપ્રસાદ મહારાજના હસ્તે તેમને એવોર્ડ આપી સન્માનવામાં આવશે.

આ દિવસે દુનિયામાં પ્રથમ વખત જુની અને નવી રંગભૂમિના કલાકારોનું કેરીકેચર (કાર્ટૂન) બનાવનાર નિર્મિશ ઠાકરના ચિત્રોનું પ્રદર્શન અને ૨૦,૦૦૦ થી વધુ કલાકારોના ઈન્ટરવ્યુ લઈને તેમની જીવનગાથા લખનાર ધર્મેન્દ્ર સોમાણીના પુસ્તકો, જૂની અને નવી રંગભૂમિની જાહેરાતો અને સાહિત્યનું પણ પ્રદર્શન યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશાલા ખાતે પારંપારિક વાસણોનું અનોખુ કાયમી પ્રદર્શન આવેલુ છે. તા. ૨૮ અને તા. ૨૯ માર્ચ સાંજે ૪ થી ૯ વાગ્યા દરમ્યાન આ ત્રણે પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લા રહેશે.

● વડીલ કલાકાર

શ્રી વિરેન્દ્રભાઈ સોમાણી
શ્રી કીર્તિદાબેન ઠાકોર
શ્રી મીનાબેન ગઢવી
શ્રી લીલાબેન કવિ
શ્રી દિવ્યકાંતભાઈ મહેતા
શ્રી નાયક શંકરલાલ જેઠાલાલ
શ્રી વનલતાબેન મહેતા
શ્રી ગૌતમભાઈ જોશી (મુંબઈ)
શ્રી ધીરૂભાઈ પરીખ
શ્રી અમુલકભાઈ ભટ્ટ
શ્રી જયંતીભાઈ ભોજક
શ્રી આર. ખરસાણી
શ્રી હિંમતભાઈ કપાસી
શ્રી રતિભાઈ નાયક
શ્રી પ્રમોદભાઈ માકડ
શ્રી રવિન્દ્રભાઈ ઠાકોર

● યુવા કલાકાર

શ્રી તારિકા ત્રિપાઠી
શ્રી અનુષ્કા દીધે
શ્રી જયેશ લાલવાણી
શ્રી યશ સોની
શ્રી આર્જવ ત્રિવેદી

દલિત સમાજની સંસ્થાઓએ ડૉ. આંબેડકરની જયંતિમાં સહયોગ આપવા માહિતી આપવી

ગાંધીનગર, તા.૨૬

ડૉ. બાબાસાહેબની ૧૨૩મી જન્મ જયંતિ આગામી ૧૪ એપ્રિલના રોજ છે. જે અંતર્ગત આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા પ્રેરણાભૂમિ ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે.

જન્મજયંતિ મહોત્સવમાં શહેરની વિવિધ સંસ્થાઓ સહયોગ આપવા ઈચ્છતી હોય તે સંસ્થાઓએ લેટરપેડ પર સહમતી પત્ર મોકલવાનો રહેશે. જે સંસ્થાઓ સંમતિ પત્ર મોકલશે તે સંસ્થાના નામનો આમંત્રણ પત્રિકામાં ઉલ્લેખ કરવામાં આવશે.

સહયોગ આપવા ઈચ્છતી સંસ્થાઓએ તા. ૫ એપ્રિલ સુધી આંબેડકર જયંતિ સમિતિ પ્રમુખ પી.બી. શ્રીમાળી મો. ૯૮૨૫૬૩૩૦૫૭ પર સંપર્ક કરવો.

અવસાન નોંધ

પેથાપુર નિવાસી વિનોદચંદ્ર લાલભાઈ પટણીનું અવસાન તા. ૨૫ માર્ચના રોજ થતા સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૭ માર્ચ ગુરુવારે સવારે ૯ થી ૧૧ સુધી અચલેશ્વર મહાદેવ બજારમાં પેથાપુર ખાતે રાખવામાં આવેલ છે.

અવસાન નોંધ

પેથાપુર ખાતે રહેતા કનૈયાલાલ મણીલાલ ભાવસારનું અવસાન તા. ૨૧ માર્ચના રોજ થતા સ્વર્ગસ્થનું બેસણું આજ રોજ ગુરુવારે સવારે ૧૧ થી બપોરના ૨ કલાક દરમિયાન મહાલક્ષ્મીની વાડી મેઈન બજાર પેથાપુર ખાતે રાખેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૪૯

તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :

ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :

બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

બેવકૂફિયા : ૪.૦૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઓફ ગોસ્ટ : ૧૨.૪૫, ૭.૦૦

રાઈઝ ઑફ એન એમ્પાર : ૪.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રાગીની એમએમએસ-૨ : ૩.૩૦, ૭.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાગીની એમ.એમ.એસ.: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઑફ ગોસ્ટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેટલ ઑફ ધ ડીમાન્ડ : ૧૧.૦૦

ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૬.૦૦

રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦, ૯.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. બળદેવભાઈ કાળીદાસ નાયી (ઉ.વ. ૭૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મણિબેન મોહનલાલ મિસ્ત્રી (ઉ.વ. ૯૩) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દિવાળીબેન મગનલાલ ભીમજીયાણી (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૧૦૫, સેકટર-૮, ગાંધીનગર.
- સ્વ. રાજીબેન ગોવાભાઈ દેસાઈ (ઉ.વ. ૯૦) આદીવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. મહાસુખરામ દલસુખરામ ભાવસાર (ઉ.વ. ૮૫)બ્લોક નં. ૮૫૩/૧, સેકટર-૩૦, ગાંધીનગર.